દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬

વિશ્વના બે અબજ લોકોને સાંકળતો ઐતિહાસિક વેપાર કરાર

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે તાજેતરમાં સંપન્ન થયેલો મુક્ત વેપાર કરાર (FTA) એ માત્ર આર્થિક દસ્તાવેજ નથી, પરંતુ ૨૧મી સદીના બદલાતા વૈશ્વિક રાજકારણમાં ભારતની મજબૂત થતી પકડનું પ્રતીક છે. આશરે બે દાયકાની લાંબી અને જટિલ વાટાઘાટો પછી જ્યારે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આ 'મેગા ડીલ' પર મંજૂરીની મહોર વાગી, ત્યારે તે વિશ્વના બે સૌથી મોટા લોકશાહી બજારો વચ્ચેના સંબંધોમાં નવા સૂર્યોદય સમાન છે. આ કરાર ભારત માટે આર્થિક સમૃદ્ધિ અને વ્યૂહાત્મક સ્વાયત્તતા બંને દ્રષ્ટિએ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, ૨૦૦૭થી શરૂ થયેલી આ વાટાઘાટો અનેકવાર અટકી પડી હતી. ક્યારેક બૌદ્ધિક સંપદાના કાયદા, તો ક્યારેક ઓટોમોબાઈલ અને દારૂ પરની આયાત ડ્યુટી જેવા મુદ્દાઓ અવરોધ બનતા હતા. પરંતુ ૨૦૨૬માં આ કરારનું સફળતાપૂર્વક પૂર્ણ થવું એ દર્શાવે છે કે ભારત હવે વૈશ્વિક મંચ પર 'કન્ડિશન લેનાર' નહીં પણ 'કન્ડિશન સેટ કરનાર' દેશ બની ગયો છે. ભારતે પોતાની કૃષિ અને ડેરી ક્ષેત્રની સંવેદનશીલતાઓને જાળવી રાખીને યુરોપિયન બજારમાં પ્રવેશ મેળવ્યો છે, જે ભારતના કરોડો ખેડૂતો અને નાના ઉદ્યોગકારો માટે રક્ષણ કવચ સમાન છે. આ કરારના કેન્દ્રમાં 'પરસ્પર લાભ'નો સિદ્ધાંત છે. યુરોપિયન યુનિયન માટે ભારત એક વિશાળ કન્ઝ્યુમર માર્કેટ છે, જ્યાં તેનો મધ્યમ વર્ગ સતત વધી રહ્યો છે. બદલામાં, ભારતને યુરોપિયન ટેકનોલોજી, મૂડીરોકાણ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત મશીનરી મળશે. ખાસ કરીને ટેક્સટાઈલ, ચામડાની બનાવટો અને રત્ન-આભૂષણો જેવા શ્રમ-સઘન ક્ષેત્રોમાં ભારતની નિકાસમાં ઘરખમ વધારો થવાની સંભાવના છે. આનાથી સ્થાનિક સ્તરે મોટા પાયે રોજગારીનું સર્જન થશે, જે ભારતની વધતી જતી યુવા વસ્તી માટે આશીર્વાદરૂપ બનશે. જો કે, આ માર્ગમાં પડકારો પણ ઓછા નથી. યુરોપના પર્યાવરણીય ધોરણો, ખાસ કરીને 'કાર્બન બોર્ડર ટેક્સ' અને જંગલોના સંરક્ષણ માટેના કડક નિયમો ભારતીય ઉદ્યોગો માટે એક કસોટી સમાન રહેશે. ભારતીય નિકાસકારોએ હવે વૈશ્વિક ગુણવત્તાના ધોરણો અપનાવવા પડશે. આ પડકાર હકીકતમાં એક તક છે, જે ભારતીય ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે. ચીન પ્લસ વન (China+1) વ્યૂહરચના હેઠળ વિશ્વની કંપનીઓ જ્યારે ચીનનો વિકલ્પ શોધી રહી છે, ત્યારે આ કરાર ભારતને ગ્લોબલ સપ્લાય ચેઈનનું મુખ્ય કેન્દ્ર બનાવવાની ક્ષમતા ધરાવે છે. નિષ્કર્ષમાં કહી શકાય કે, ભારત-EU વેપાર કરાર એ માત્ર આયાત-નિકાસના આંકડાઓનો ખેલ નથી, પરંતુ તે 'વિકસિત ભારત @ 2047'ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક નિર્ણાયક કદમ છે. તે એશિયા અને યુરોપ વચ્ચે એક મજબૂત આર્થિક પુલ બનાવશે, જે વૈશ્વિક અર્થતંત્રમાં સ્થિરતા લાવશે. હવે મહત્વનું એ રહેશે કે ભારત સરકાર અને ખાનગી ક્ષેત્ર કેવી રીતે ત્વરિત ગતિએ આ કરારનો લાભ ઉઠાવીને ભારતની આર્થિક વૃદ્ધિને નવી ઊંચાઈએ લઈ જાય છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મુક્ત વ્યાપાર સમજૂતી, જે વૈશ્વિક જીડીપીના લગભગ ચોથા ભાગનો હિસ્સો ધરાવશે, તે EU માં ભારતની 99 ટકા નિકાસ પર ટેરિફ ઘટાડશે અને ભારત તરફથી EU ની 97 ટકાથી વધુ નિકાસ પરની ડ્યુટીમાં કાપ મૂકશે. EU ના અંદાજ મુજબ, આ કરારથી યુરોપિયન નિકાસકારો માટે વાર્ષિક ટેરિફમાં 4 અબજ યુરો સુધીનો ઘટાડો થશે. ભારતના ટેક્સટાઇલ, તૈયાર કપડાં, ચામડાની વસ્તુઓ, હસ્તકલા, ફૂટવેર અને દરિયાઈ ઉત્પાદનો જેવા ક્ષેત્રોને આ FTA થી મોટો ફાયદો થવાનો છે, જ્યારે યુરોપને વાઇન, ઓટોમોબાઈલ્સ, કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં લાભ થશે. આ કરારની જોગવાઈઓ હેઠળ, EU ની વાઇન નિકાસને નોંધપાત્ર ફાયદો થશે, કારણ કે હાલની 150 ટકા ડ્યુટીમાં ભારે ઘટાડો કરવામાં આવશે અને નવી લેવી (ટેક્સ) 20 ટકાથી 30 ટકાની વચ્ચે રહેશે. ભારત અને ઇયુ વચ્ચેનો આ કરાર એવા સમયે પણ થઇ રહ્યો છે જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દુનિયાભરના દેશો સાથે દાદાગીરી કરી રહ્યા છે. તેમણે ભારત પર આકરા ટેરિફ ઝિંક્યા છે અને યુરોપિયન યુનિયન પર ટેરિફ તો છે જ, ઉપરાંત ગ્રીનલેન્ડના મુદ્દે ટ્રમ્પ એક સમયના અમેરિકાના ખાસ સાથી એવા યુરોપિયન દેશોને દબડાવી રહ્યા છે. આ કરાર ટ્રમ્પને ચોક્કસપણે ગમશે નહીં. એક એવો ખંડ (યુરોપ) જેની ટ્રમ્પે પોતાની ગ્રીનલેન્ડ મેળવવાની મહત્વાકાંક્ષા વચ્ચે મજાક ઉડાવી હતી તે એક એવા દેશ (ભારત) સાથે વેપાર કરાર કરી રહ્યો છે જેને ટ્રમ્પે આસમાની ટેરિફ દ્વારા ઘેરવાનો પ્રયાસ કર્યો છે; આ દ્રશ્ય નિઃશંકપણે તેમને ખટકે તેવું હશે. અને અમેરિકાને પડકારની રીતે પણ આ કરાર ઐતિહાસિક હશે.

દરવાજા ઉઘાડ્યા

એક ગામના છેવાડે એક ગરીબ મજૂર રહેતો હતો. પરિવારમાં પત્ની અને બે બાળકો હતાં.તે રોજ સવારે મજૂરી કરવા જતો અને સાંજ સુધી જે મજૂરી મળે તે કરતો અને જે કંઈ પણ મજૂરી મળે તે પત્નીને આપતો. જે મજૂરી મળી હોય તે પ્રમાણે પત્ની સામાન લાવતી અને રોટલા બનાવી બાળકોને જમાડતી અને પછી જે કંઈ વધતું તે બંને પતિ-પત્ની ખાતાં. આ ઓછાં સાધનમાં જીવતાં ગરીબ મજૂર પરિવારમાં ભાગ્યે જ બે ટંક પૂરું ભોજન મળતું. એક દિવસ વરસાદની મોસમમાં બહુ વરસાદ વરસી રહ્યો હતો.

આજે કોઈ બહુ મજૂરી પણ મળી ન હતી.ઘરમાં ચાર સૂકા રોટલા સિવાય કંઈ ન હતું.પત્નીએ બે રોટલા પાણીમાં વઘારી બાળકોને ખવડાવી દીધા અને બે રોટલા લઇ બે જણ જમવા બેઠાં. બરાબર ત્યારે જ બારણે ટકોરા પડ્યા. બહાર કોઈ અજાણ્યો યાત્રી ભીનો થઈ વરસાદમાં આશરો માંગવા આવ્યો હતો.મજૂરે તેને અંદર આવકાર આપ્યો, પાણી આપ્યું, શરીર લૂછવા સાફ કપડું આપ્યું.મનમાં વિચાર્યું કે આજે મજૂરી મળી નથી અને સાવ ઓછું ભોજન છે ત્યાં આ મહેમાન, હવે શું કરીશું.પત્ની તરફ જોયું.પત્નીએ થાળીમાંથી એક રોટલો લીધો, પતિના હાથમાં થાળી આપી.

મજૂરે યાત્રીને કહ્યું, ''ભોજનમાં આ સૂકો રોટલો જ છે ચાલશે?'' યાત્રી ભૂખ્યો હતો એટલે સૂકો રોટલો ખાઈને પાણી પીધું અને પછી થાકને કારણે સૂઈ ગયો.મજૂર અને તેની પત્નીએ અડધો અડધો રોટલો ખાધો અને બે લોટા પાણી પીધું અને સૂઈ ગયાં. બીજે દિવસે સવારે યાત્રી ઊઠ્યો. વરસાદ રહી ગયો હતો એટલે તેણે નીકળવાનું નક્કી કર્યું. મજૂરની પત્નીએ વાડામાં ઊગેલી લીલી ચા અને કુદીનો નાખી લીલી ચા બનાવી, મજૂરે કહ્યું, ''અમારા ઘરમાં દૂધ નથી. આ લીલી ચા ચાલશે?''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

યાત્રીએ ચુપચાપ ચા પી લીધી અને વિદાય લેતાં એટલું કહ્યું, ''ભગવાન તમારું ઘર હંમેશા ભરેલું રાખે.'' યાત્રી ચાલ્યો ગયો અને મજૂર મજૂરી કરવા નીકળ્યો.

સાંજે મજૂર ઘરે આવ્યો તો જોયું, ગઈ કાલ રાતવાળો યાત્રી પોતાના પરિવાર સાથે આવ્યો હતો અને ઘણી ભેટ સોગાદ સાથે લાવ્યો હતો. યાત્રીએ કહ્યું, ''કાલે હું અહીં ગાડી બગડી, માર્ગ ભૂલ્યો અને વરસાદમાં ફસાયો ત્યારે તમે મને આશરો આપી મદદ કરી હતી. તેનો આભાર માનવા આવ્યો છું. હું અહીં ગામડાંઓમાં સડક બાંધવાના કોન્ટ્રાક્ટ લઉં છું અને આજથી મારા બધા કામમાં મજૂરો બરાબર કામ કરે છે કે નહિ તે જોવાની જવાબદારીનું કામ તને આપવા માંગું છું.

આજથી તું રોજ મજૂરી નહિ શોધે પણ મજૂરો શોધી બધાને કામ આપીશ.'' મજૂર અને તેની પત્નીની આંખોમાં ખુશીના આસું હતા. મજૂરે ગઈ કાલે યાત્રી માટે ઘરનો દરવાજો નહોતો ઉઘાડ્યો, જાણે તેણે પોતાના ભાગ્યના દરવાજા ઉઘાડ્યા હતા. જે પોતાની પાસે જે કંઈ હોય ,ઓછું હોય છતાં પણ તેમાંથી બીજાને મદદ કરે છે તો જીવન તેના માટે નવા માર્ગ આપોઆપ બનાવે છે.

આંધળું અનુકરણ વિચારહીન છે

અવારનવાર
ડો.નાનક ભટ્ટ

આ પૃથ્વી ઉપર ૮૪ લાખ અવતાર છે તેમ કહેવાય છે, પણ આમાંથી માણસ એક જ એવું જૈવિક એકમ છે કે, જે વારસાગત રીતે જીવન જીવવાની સારી અને વધુ સારી પદ્ધતિ પોતાનાં વારસદારોને આપતો જાય છે. આ પ્રક્રિયામાંથી આપણે ભાષા, કુટુંબના વ્યવહાર, સમાજધર્મ, વિજ્ઞાન અને તકનિક અપનાવી શક્યાં છીએ. વડીલોને માન આપી ધર્મ અને કુટુંબને જાળવી શક્યાં છીએ. વારસા દ્વારા વર્તન પુનરાવર્તન કરતાં પેઢી-દર પેઢી માણસમાં સર્જનશીલતા વિકસાવી શક્યાં છીએ. આત્મવિશ્વાસ વિકસતાં થયાં છીએ.

પરંતુ ક્યારેક બને છે એવું કે, દેખાદેખીમાં માણસ પોતાને અનુકૂળ ન હોય, પોતાના સમાજની પરંપરાને અનુરૂપ ન હોય તેવું વર્તન અપનાવી લે છે. માણસે બીજા પાસેથી જરૂરથી કંઈ શીખવાનું છે પણ પોતાને અનુકૂળ હોય તેવું માત્ર દેખાદેખીથી અપનાવી આંધળું અનુકરણ કરવાનું નથી. 'ઘર બાળીને તીરથ ન થાય' તેવું કહેવતમાં તો કહેવાયું છે, પણ ટેલિવિઝન અને મોબાઈલમાં વાયરલ થયેલ રીલની ફેશનમાં દેખાતા સામાજિક વ્યવહારોથી નાગરિકો દોરવાઈ જાય છે અને જાત-ભાતની ચીજ વસ્તુઓની લોભામણી જાહેરાતો કુટુંબને બિનજરૂરી ખર્ચના ખાડામાં ધકેલે છે.

દેખાદેખીવશાત્ મા-બાપ બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવે છે. બાળકોને અંગ્રેજી શાળામાં મૂકતાં પહેલાં વિચારીએ! તમે પોતે શાળામાં અંગ્રેજી ભણ્યા છો? તમે ઘરમાં અંગ્રેજી બોલો છો? તમારા બાળકને અંગ્રેજી ભાષામાં વિજ્ઞાન અને ગણિત ભણાવી શકે છે? જો આનો જવાબ તમારી પાસે ન હોય તો તમારા વ્હાલસોયા બાળકને અંગ્રેજી ભણાવવાનું આંધળું અનુકરણ ન કરશો. મા બોલે તે માતૃભાષા એવી સુંદર ઉપાધિ ગુજરાતી ભાષાને મળી છે. તો બાળકને માતૃભાષામાં જ ભણવા દો, વિકસવા દો. તમારું બાળક મોટું થતાં કડકડાટ અંગ્રેજી બોલતાં શીખી જશે.

આજકાલ દેખાદેખીમાં શનિ-રવિની રજાઓમાં બજારની હોટલ અને લારીનું ફાસ્ટફુડ ખાવાનો ચસકો દેખાય છે. રેફ્રિજરેટરમાં દિવસોથી રાખી મૂકેલા ને સુગંધી મસાલાથી ભરપૂર જંકફુડથી ઘરનાં સભ્યોનું પેટ બગડે છે અને મોંઘવારીમાં માંદા પડવું તે કસોટીરૂપ જ બની જાય છે. આથી બહેનો બહારનું ખાવા કરતાં ઘરમાં જ થોડી વધુ મહેનત કરી તમારી સર્જનશક્તિ વધારી ભાવતાં ભોજન તૈયાર કરો ને! તમારાં કુટુંબીજનોને સ્નેહથી બાંધી રાખો ને!

કપડાં અને ઘરેણાં બહેનોની દુખતી રગ છે. પડોશીમાં કોઈએ સીફોનની સાડી ખરીદી એટલે તમને પણ ખરીદવાનું મન થાય. રેખાબહેન બગસરાનાં ઘરેણાં લાવે એટલે માયાબહેન પણ પતિ સાથે ઝઘડો કરીને ઘરેણું વસાવે. પડોશમાં ટી.વી. આવ્યું એટલે આપણે પણ વસાવો. દેરાણીએ લગ્ન પ્રસંગમાં ૫૦ માણસને નિમંત્રણ પાઠવ્યું તે જેઠાણીએ પણ એમ જ કરવાનું! ના...આવું ન કરાય. કહેવત છે ને, પછેડી હોય એટલી સોડ તણાય' અને આમ પણ આવું આંધળું અનુકરણ શાથી? કોઈ કૂવામાં પડે-દેવું કરી ઘી પીવે એટલે તમાચો મારી ગાલ લાલ રાખવાનું કોઈ કારણ નથી. આંધળા અનુકરણના બદલે વિવેકથી તમારી જરૂરિયાતને શાંતિથી જોઈ અનુસરો.

બધાના ઘરની સ્થિતિ જુદી-જુદી હોય છે. બધાની જરૂરિયાતો પણ જુદી-જુદી હોય છે. ઘરમાં પુરુષ-પિતા ભાઈ-બહેનોનું ભણતર-નોકરી-વ્યવસાય કે આર્થિક આવકનું સ્તર જૂદું જૂદું હોય છે. આથી ઘરનું સંચાલન સારા-સાર વિવેકથી કરીએ. બે ટંકનું ભોજન-કપડાં અને મકાન એ આજના સમયમાં પ્રથમ ક્રમે આવતી જરૂરિયાત છે. તે પછી શિક્ષણ અને આરોગ્યની સંભાળ કે વિકાસ અગત્યની બાબત બને છે. પ્રાથમિક જરૂરિયાતો પૂરી થાય તે પછી આર્થિક બચત પ્રત્યે ધ્યાન આપવું અનિવાર્ય બને છે. કારણ બચત જ સાચો મિત્ર બને છે. સંકટ સમયનો સાથી બને છે. અહીંથી આગળ, તમારી આવડત વધે, તમે પોતે પગભર થાવ તે માટે ખ્યાલ રાખી છેવટે મોજશોખ સાથે સ્નેહ કેળવવો તે સ્વસ્થ સમાજ માટે જરૂરી બને છે.

કોઈ કૂવામાં પડે-દેવું કરી ઘી પીવે એટલે તમાચો મારી ગાલ લાલ રાખવાનું કોઈ કારણ નથી. આંધળા અનુકરણના બદલે વિવેકથી તમારી જરૂરિયાતને શાંતિથી જોઈ અનુસરો. બધાના ઘરની સ્થિતિ જુદી-જુદી હોય છે. બધાની જરૂરિયાતો પણ જુદી-જુદી હોય છે

બહેનોએ તો પોતાનો વિકાસ કરવાનો છે. બાળઉછેર કરવાનો છે. પતિ સાચવવાના છે. સમાજમાં જોવા મળે છે કે ઘણાં ઘરોમાં પુરુષો દારૂ, તમાકુ કે જુગારના વ્યસની હોય છે ત્યારે વિશેષતઃ બહેનોનું જીવન સંઘર્ષમય બની જાય છે. આવા સમયે દેખાદેખીના બદલે બાળકોના ઉછેર પ્રત્યે કાળજી લેવી પડે છે. ઉપરાંત પોષણયુક્ત ખોરાક જરૂરી બને છે. જો આમ નહીં થાય તો વ્યક્તિનું માનસિક સમતુલન ખોરવાઈ જાય છે અને જાતે મધદરિયે ડૂબી જશો.

આંધળા અનુકરણથી મોટા દેખાવાનું ગમી જાય તેવો સરળ રસ્તો છે પણ તે જોખમી રસ્તો છે. સારી રીતરસમોનું અનુકરણ એ કેળવણી છે. શિક્ષણ છે. તેમાંથી સંસાર વિકસે છે અને સંસ્કૃતિ મજબૂત થાય છે પણ સમજ વિનાનું, વિચાર વિનાનું, ઘેંટાંનાં ટોળાં માફક વર્તન અંતે કુટુંબને વિનાશ આપે છે અને કહેવાય છે ને, એક વિચારશીલ સ્ત્રી બે કુટુંબોને તારે છે. પોતે સુખી થાય છે અને કુટુંબને પણ સુખી કરી આનંદિત રાખી ધરતી ઉપર સ્વર્ગ ઊતારી શકે છે.

હિતોપદેશમાં અંધ લોકો દ્વારા હાથીના વર્ણનની વાર્તા છે. આ અંધ એટલે વિચાર વગર, આચરણ કરતાં લોકો, તેમ સમજવું. આખુંયે મહાભારત 'આંધળાનાં આંધળાં' એવાં વચનોથી સર્જાયું તે ક્યાં અજાણ્યું છે! વાચકો આંધળું અનુકરણ આપણને "આંધળાનાં આંધળાં' બનાવે છે અને આપણે આપણો સત્યાનાશ વ્હોરી લઈએ છીએ. આથી ચેતવા જેવું છે. કવિ ઉમાશંકરે લખ્યું છે, "હાથ-હૈયુ ને હેત આપ્યું પ્રભુ તે પૂરેપૂરું પછી બીજું શું જોઈએ.' આખીયે વાતનો સાર એ છે કે, વિવેકશીલ બનો. વિચારીને આચરણ કરો અને ક્યારે પણ આપણી પ્રકૃતિને અનુરૂપ ન હોય તેવું વર્તન-વ્યવહાર ઉછીનાં ન કરીએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સામે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ કેમ લડી રહ્યા છે?

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

ઉત્તરાખંડના જ્યોતિર્મઠના 46મા વડા અથવા "શંકરાચાર્ય" સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ યોગી સરકાર પર આરોપ લગાવ્યો છે કે તેમણે 18 જાન્યુઆરીએ મૌની અમાવસ્યાના દિવસે પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરતા અટકાવ્યું હતું.અવિમુક્તેશ્વરાનંદને યુપી પોલીસે અટકાવ્યા હતા, કારણ કે તેમની સાથે અનુયાયીઓનો એક મોટો સમૂહ હતો, જે અંદાજે 200-300 હતો, અને તેમની પાસે તેમની પાલખીને નદી કિનારે લાવવાની જરૂરી પરવાનગી નહોતી.

હવે યોગી સરકારે અવિમુક્તેશ્વરાનંદની "જ્યોતિષપીઠના શંકરાચાર્ય" હોવાની ઘોષણા સામે પણ વાંધો ઉઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટની પેન્ડિંગ અપીલનો ઉલ્લેખ કરતા, એક સત્તાવાર નોટિસમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ ધાર્મિક વડાને સત્તાવાર રીતે જ્યોતિષપીઠના શંકરાચાર્ય (અથવા જ્યોતિર્પીઠના શંકરાચાર્ય) તરીકે ઘોષિત કરવામાં આવ્યા નથી. પ્રયાગરાજ માઘ મેળા દરમિયાન તેમના શિબિરમાં લગાવવામાં આવેલા બોર્ડ પર અવિમુક્તેશ્વરાનંદ દ્વારા પોતાને "જ્યોતિષપીઠના શંકરાચાર્ય" તરીકે જાહેર કરવા અને રજૂ કરવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

રસપ્રદ વાત એ છે કે, આધ્યાત્મિક જીવનમાં પ્રવેશતા પહેલા, અવિમુક્તેશ્વરાનંદ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) સાથે સંકળાયેલા વિદ્યાર્થી નેતા હતા. અવિમુક્તેશ્વરાનંદે 2006 માં સ્વામી સ્વરૂપાનંદ પાસેથી દીક્ષા લીધી હતી. ત્યારથી, તેઓ ઉત્તરાખંડમાં જ્યોતિર્મઠની તમામ ધાર્મિક અને અન્ય પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી રહ્યા હતા. સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી કોંગ્રેસની નજીક હતા અને ભાજપના વિરોધી હતા. તેઓ દ્વારકા શારદા પીઠ અને જ્યોતિર્પીઠ બંનેના શંકરાચાર્ય હતા.

2022 માં સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના અવસાન પછી, અવિમુક્તેશ્વરાનંદને ઉત્તરાખંડમાં જ્યોતિર્મઠના નવા શંકરાચાર્ય જાહેર કરવામાં આવ્યા હતા. જોકે, સુપ્રીમ કોર્ટે જ્યોતિર્મઠના નવા શંકરાચાર્ય તરીકે તેમનો રાજ્યાભિષેક અટકાવી દીધો હતો. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જાણ કર્યા પછી જસ્ટીસ બી.આર.ગવઈ અને બી.વી. નાગરત્નાએ સ્ટે ઓર્ડર આપ્યો હતો, જ્યારે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જાણ કરી હતી કે પુરીના ગોવર્ધન મઠના શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદે એક સોગંદનામું દાખલ કર્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે જ્યોતિષ પીઠના નવા શંકરાચાર્ય તરીકે અવિમુક્તેશ્વરાનંદની નિમણૂકને મંજૂરી આપવામાં આવી નથી.

અવિમુક્તેશ્વરાનંદના નજીકના સાથીઓ દાવો કરે છે કે શંકરાચાર્ય વિના પીઠ રહી શકે નહીં. તેથી, અવિમુક્તેશ્વરાનંદ શંકરાચાર્ય તરીકે ચાલુ રહ્યા કારણ કે તેઓ સ્વરૂપાનંદ સરસ્વતીના મુખ્ય શિષ્ય હતા, અને અન્ય કોઈ શંકરાચાર્યને કોઈ વાંધો નહોતો.

કારણ કે તેમને લાગતું હતું કે કેન્દ્ર સરકાર તેમને ટેકો આપી રહી નથી, અવિમુક્તેશ્વરાનંદ પીએમ મોદી અને યુપી સરકાર પર હુમલો કરી રહ્યા છે.

આ પહેલી વાર નહોતું જ્યારે અવિમુક્તેશ્વરાનંદે ભાજપની આગેવાની હેઠળની સરકાર પર નિશાન સાધ્યું હોય. ગયા વર્ષે, કુંભ દરમિયાન થયેલી ભાગદોડ બાદ, તેમણે યોગી સરકારને જવાબદાર ઠેરવી હતી.

તેમણે ત્યારે કહ્યું હતું કે જો યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી પદે ચાલુ રહે તો આવી ઘટનાઓ ફરી બનશે. તે પહેલાં, તેમણે જાન્યુઆરી 2024 માં અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા (પ્રતિષ્ઠા) સમારોહમાં આમંત્રણ હોવા છતાં હાજરી આપી ન હતી. તેમણે બાંધકામ પૂરુ નથી થયું એમ કહીં મંદિરમાં સમારોહ યોજવાના નિર્ણયની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે અર્ધ-નિર્મિત મંદિરનું ઉદ્ઘાટન ધર્મનું ઉલ્લંઘન કરે છે અને ભાર મૂક્યો હતો કે ધાર્મિક ગુરુઓ લોકશાહી દેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શ્રૃંગેરી શંકરાચાર્યના પ્રતિનિધિએ નોંધ્યું હતું કે મંદિર નિર્માણ એક લાંબી પ્રક્રિયા છે જે ઘણીવાર પેઢીઓ સુધી ચાલે છે, પરંતુ ગર્ભગૃહ (ગર્ભગૃહ) પૂર્ણ થયા પછી શાસ્ત્રો પ્રાણ પ્રતિષ્ઠાને મંજૂરી આપે છે.

આ પહેલી વાર નહોતું જ્યારે અવિમુક્તેશ્વરાનંદે ભાજપની આગેવાની હેઠળની સરકાર પર નિશાન સાધ્યું હોય. ગયા વર્ષે, કુંભ દરમિયાન થયેલી ભાગદોડ બાદ, તેમણે યોગી સરકારને જવાબદાર ઠેરવી હતી. તેમણે ત્યારે કહ્યું હતું કે જો યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી પદે ચાલુ રહે તો આવી ઘટનાઓ ફરી બનશે

આ દરમિયાન, યોગીએ પ્રયાગરાજમાં માઘ મેળામાં શંકરાચાર્ય પદવી પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, સનાતન ધર્મને નબળો પાડવાનો પ્રયાસ કરી રહેલા "કાલનેમી જેવા" લોકો સામે કડક ચેતવણી આપી હતી. પરંતુ યોગીના નાયબ મુખ્યમંત્રી, કેશવ પ્રસાદ મૌર્યએ અવિમુક્તેશ્વરાનંદને "ભગવાન શંકરાચાર્ય" તરીકે ઓળખાવ્યા. યુપી ભાજપના નેતાઓ, જેમને યોગી પસંદ નથી, તેઓ કહે છે કે, "જો આપણે અવિમુક્તેશ્વરાનંદના સમર્થનમાં બોલીશું, તો પાર્ટીમાં ઘણા લોકો નાખુશ થશે કારણ કે તેમની ટિપ્પણી ભાજપની ટીકા કરતી રહી છે. પરંતુ જો આપણે તેમની વિરુદ્ધ બોલીશું, તો તેને હિન્દુ વિરોધી તરીકે દર્શાવી શકાય છે, કારણ કે તે શંકરાચાર્ય છે, જે હિન્દુ ધર્મના સર્વોચ્ચ ધાર્મિક અધિકારીઓમાંના એક છે." સૂત્રોએ દાવો કર્યો છે કે મૌર્યએ ભાજપ નેતાઓને કહ્યું હતું કે શંકરાચાર્ય સાથે "દુર્વ્યવહાર" કરનારાઓ પાર્ટીની પરંપરા અને સંસ્કૃતિમાં માનતા નથી. બે દિવસ પહેલા હરિયાણાના સોનીપતમાં એક બેઠકમાં, યોગીએ કહ્યું હતું: "એક સંત માટે ધર્મ અને રાષ્ટ્રથી મોટું કંઈ હોઈ શકે નહીં. સનાતન ધર્મને નબળો પાડનારા ઘણા કાલનેમી (રામાયણમાં એક રાક્ષસ) હોઈ શકે છે."

તાજેતરના વિવાદ પર કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીનો ટેકો મેળવનારા અવિમુક્તેશ્વરાનંદે યોગીને "કાલનેમીઓનું નામ" લેવાનો પડકાર ફેંક્યો. "યોગી આદિત્યનાથને રાજીનામું આપવું જોઈએ કારણ કે તેઓ દરેક મોરચે નિષ્ફળ ગયા છે. મૌર્યને મુખ્યમંત્રી બનાવવા જોઈએ," તેમણે કહ્યું હતું.

જ્યારે, યોગીએ ભાર મૂક્યો કે સનાતન ધર્મ બાહ્ય દેખાવ દ્વારા નહીં પરંતુ આચરણ, શિસ્ત અને સદીઓ જૂની પરંપરાઓનું પાલન દ્વારા વ્યાખ્યાયિત થાય છે. તેમણે કહ્યું કે સંતો, ઋષિઓ અને તપસ્વીઓએ હંમેશા ધર્મ અને રાષ્ટ્રને વ્યક્તિગત હિતોથી ઉપર રાખ્યા છે, અને વ્યક્તિગત અથવા રાજકીય લાભ માટે ધાર્મિક ઓળખનો દુરુપયોગ કરવાના પ્રયાસો સામે ચેતવણી આપી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

બેન્કો અને ફાઈનાન્સ કંપનીઓ નોટીસ લગાવો

હાલમાં જ સુરતના પૂણામાં વેચાણના નામે ઠગાઈની ચોંકાવનારી ઘટના બની છે જે અનુસાર હાલ દુકાનો વેચાણ કરનાર પક્ષે ખરીદનારને વેચતી વખતે આ દુકાનો પર કોઈ પણ પ્રકારનો બોજો નહીં હોવાનું જણાવીને લોન પર લીધેલી ત્રણેય દુકાનો લાખો રૂપિયામાં વેચી દીધી હતી. જેની ફાઈનાન્સ કંપનીને જાણ થતાં જ દુકાનો પર સીલ લગાવી દીધું હતું, જેના પરિણામે દુકાનો ખરીદનાર રેડીમેડ કાપડના વેપારીએ લાખો રૂપિયા ગુમાવ્યા હતા. આ અંગે બેન્કો અને ફાઈનાન્સ કંપનીઓની નૈતિક ફરજ રાખી જવાબદારી બને છે કે લોન પર ચાલતી કોઈ પણ પ્રકારની મિલકત પર જ્યાં સુધી લોન ભરપાઈ ન થાય ત્યાં સુધી કલરપેન્ટ નોટીસ લગાવવી જોઈએ કે આ મિલકતની લોન હજુ ચાલે છે. એટલે જે તે બેન્ક કે ફાઈનાન્સ કંપની સાથે સંપર્ક કરીને જ આ મિલકતની ખરીદી અંગે વ્યવહાર કરવો જેથી ભવિષ્યમાં આવી મિલકતો ખરીદનાર સાથે આવી ઠગાઈ નહીં થાય. જનહિતમાં જરૂરી છે.

મોટા મંદિર, સુરત - રાજુ રાવલ

આજનો સમાજ

આંતરજ્ઞાતિય લગ્ન તો ભારતીય સંસ્કૃતિમાં મહાભારત કાળથી અર્જુન અને સુભદ્રાનાં લગ્ન થયાં હતાં જે કૃષ્ણની બહેન યદુવંશ અને ક્ષત્રિય વચ્ચે થયા હતા. હાલમાં ગાયિકા કિંજલ દવેએ જાણીતા એકટર પ્રોડયૂસર ધ્રુવિન શાહ સાથે આંતરજ્ઞાતિય લગ્ન કરવાનું નક્કી કર્યું એને કારણે તેના કુટુંબનો સામાજિક બહિષ્કાર કરાયો. જાણે કે આભ ફાટી પડયું હોય કે ધરતી રસાતાળ થઇ ગઇ હોય એવી સમાજનાં લોકોએ પ્રતિક્રિયાઓ આપી. હરિયાણા જેવાં રાજયોમાં આજે પણ ખાપ પંચાયતોનો ખોફ છે. પરંતુ ગુજરાત જેવા વિકસિત રાજયમાં આજના સમયમાં પણ આવી ઘટના બને એ ચિંતાજનક છે. અરે ભાઇ, નરસિંહ મહેતા જેવા નિડર ભજનિક હરિજનોને ત્યાં ભજન ગાવા માટે ગયા ત્યારે પણ સામાજિક બહિષ્કારનું શસ્ત્ર અજમાવ્યું હતું. વળી ગાંધીજીના કિસ્સા તો જગજાહેર છે.

ગંગાધરા - જમિયતરામ હ. શર્મા

માનસિક ખેંચ-આધુનિક યમદૂત

તા. 17-1-26ના મિત્રમાં વિનોદભાઈ પટેલે આ વિષે છણાવટ કરી. અભિનંદન. માનવ જિંદગી જીવવા માટે છે, મરવા માટે નથી. આજના AI યુગમાં ગળાકાપ હરીફાઈ છે. વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા કર્મચારીની જગ્યા દશબાર વર્ષ પછી પણ ન ભરાતાં ત્યાં હંગામી કે કોન્ટ્રાક્ટ પર વ્યક્તિ રાખી તે કામગીરી ચલાવાય છે. પરિણામે યુવા પેઢીએ સ્પર્ધામાં ટકી રહેવા ખૂબ મોટી ટક્કર આપવી પડે છે. જેથી તે હતાશ નિરાશ થઈ માનસિક ખેંચ અનુભવે છે. જે અ